અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતની તાલીમ આપવાની યોજના તથા અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન/સહાયની યોજના.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૯૮-ન.બા.૮-ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 13 DEC 2004

16 DEC 2004
3139

વંચાણે લીધા : - (૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૩૧-૩-૯૮ નો ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ-૧૦૯૭-ન.બા.૩૦-ગ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના સરખા ક્રમાંકના તા. ૨-૩-૨૦૦૦ તથા તા. ૧૯-૭-૨૦૦૪ ના ઠરાવો.

ઠરાવ :-

આમુખમાં દર્શાવેલ ક્રમાંક: ૧ આગળના ઠરાવથી અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન/સહાયની યોજના તથા ક્રમાંક-૨ આગળના ઠરાવોથી અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતની તાલીમ આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ હતી. આ બન્ને યોજનાઓ કાયદાના સ્નાતકો માટેની છે, જે પૈકી એક યોજનાઓ અમલ નિયામકશ્રીની કચેરી ધ્વારા જયારે બીજી યોજનાનો અમલ જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરી ધ્વારા થાય છે. જેથી અરજદારને મુશ્કેલીઓ પડતી હોય છે. આ મુશ્કેલીઓ નિવારવા તથા આ બન્ને યોજનામાં એકસુત્રતા લાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતે પુખ્ત વિચારણા બાદ આ બન્ને યોજનાઓનો અમલ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી મારફત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

જિલ્લા કક્ષાએ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ મારફતે બન્ને યોજનાઓની અરજીઓ મેળવી ચકાસણી કરી જરૂરી આધાર પુરાવાઓ મેળવી તાલીમની મંજુરી આપવા માટેની કાર્યવાહી નીચે મુજબના સભ્યોની પસંદગી સમિતિ બનાવીને અમલ કરવાનું ઠરાવવામાં આવે છે. અને સરખા ક્રમાંકના તા. ૨-૩-૨૦૦૦ ના ઠરાવમાં મુદ્દા નંબર ૨ (૫) જે સમિતિ બનાવવામાં આવેલ છે. તેને રદ કરવામાં આવે છે.

: ૨ :

આદિજાતિ વિકાસ બોર્ડ, ગાંધીનગર

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

: ૨ :

(૧) જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી — અધ્યક્ષ
(૨) જિલ્લા સરકારી વકીલશ્રી — સભ્ય
(૩) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી ( પંચાયત ) — સભ્ય

આ યોજનામાં સિનિયર વકીલો કોને ગણવા તે અંગેની સ્પષ્ટતા ન હોવાથી તેમજ આવકનું ધોરણ ન હોવાથી તથા જુનીયર વકીલ કોને ગણવા તે બાબતે જરૂરી સ્પષ્ટતા ન હોવાથી આ યોજનાના નિયમોમાં નીચે મુજબની શરતો દાખલ કરવા આથી ઠરાવવામાં આવે છે.

(૧) આ યોજના હેઠળ જુનિયર વકીલે સ્ટાઈપેન્ડ મેળવવા ગુજરાત બાર કાઉન્સીલમાં નોંધણી કરાવ્યેથી બે વર્ષના સમય ગાળાની અંદર અરજી કરેલી હશે. તે સ્ટાઈપેન્ડ મેળવવાનો પાત્ર રહેશે.

(૨) સિનિયર વકીલ એટલે કે જે વ્યક્તિ વકીલાત તરીકેનો વ્યવસાય ઓછામાં ઓછા ૧૦ વર્ષ કે તેથી વધુ સમયથી કરતા હોવા જોઈએ એટલેકે સ્ટાઈપેન્ડ મેળવવા જે જુનીયર વકીલે અરજી કરી હોય તેમાં જે સિનિયર વકીલ નું નામ સૂચવેલ હોય તેવા સિનિયર વકીલ અરજીની તારીખે ૧૦ વર્ષથી વધુ સમયથી પ્રેક્ટીસ કરતા હોવા જોઈએ.

(૩) આ યોજના હેઠળ સિનિયર વકીલ બે જુનીયર વકીલોને તાલીમ માટે રાખી શકશે. સિનીયર વકીલ બેથી વધુ જુનિયર વકીલોને તાલીમ માટે તાલીમાર્થી તરીકે રાખી શકશે નહીં અને જો તાલીમાર્થી તરીકે રાખેલ હશે તો તે માટે તેઓને કોઈ એલાઉન્સ મળવા પાત્ર થશે નહીં અને તેવા તાલીમાર્થી જુનિયર વકીલને આ યોજના હેઠળ સ્ટાઈપેન્ટ મળવા પાત્ર થશે નહીં.પસંદગી સમિતિએ જ્યારે કોઈ એક સિનિયર વકીલનું નામ બે તાલીમાર્થીઓએ પસંદ કરી સૂચવેલ હોય ત્યાં પસંદગી સમિતિએ આવા સિનિયર વકીલ બે તાલીમાર્થીઓને પૂર્ણ રીતે તાલીમ આપી શકવા સક્ષમ છે કે કેમ ? તેમજ તેમની પાસે તેટલું વ્યવસાયીક કાર્ય રહે છે કે કેમ? તે બાબત વિચારણામાં લેવાની રહેશે.

(૪) તાલીમાર્થી જુનિયર વકીલોએ દર માસે સિનિયર વકીલ પાસે તાલીમ લીધા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તેમજ તાલીમાર્થી જુનિયર વકીલે જે તાલીમ લીધી હોય તેની ટૂંકી વિગત દર માસે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીની કચેરી ને મોકલવાની રહેશે.

(૫) આ યોજનામાં લાભાર્થીઓની પસંદગી કરવામાં આવે ત્યારે અનુસૂચિત જાતિ પૈકીની અતિ પછાત જાતિના અરજદારો ઓછામાં ઓછા ૧૫ ટકા હોવા જોઈએ.

(૬) જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીએ આ યોજનાનો બહોળો પ્રચાર કરવાનો રહેશે.

(૭) સીનિયર વકીલ બદલવાની સત્તા જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી ને વ્યાજબી કારણની ખરાઇ કરી કરવાની રહેશે.

આ બન્ને યોજનાની અન્ય શરતો યથાવત રાખવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રી ના હુકમથી તેમના નામે,

આપનો વિશ્વાસુ,

( કે. એલ. તબિયાર )
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

<u>નકલ રવાના</u> :-

- માન. મંત્રીશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ ( વર્ગ-૧ )
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ ( પંચાયત )
- કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ

જીએચટી : ભરત : પેજ .૭૫

નં.અજાક/૫/૩/૨૦૦૪/ ૯૭૭૫૮-૯
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
૪,૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય,ગાંધીનગર
તારીખ ૨૩/ ૧૨/૨૦૦૪

પ્રતિ

૧. જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી ...............................
૨. સમાજ કલ્યાણ અધિકારીશ્રી( જિલ્લા પંચાયત) ...............................
૩. તકેદારી અધિકારીશ્રી ...............................
૪. હાઉસ માસ્ટરશ્રી,સરકારીકુમાર છાત્રાલય ...............................
૫. સમાજ કલ્યાણ અધિકારીશ્રી ,આદર્શ સુવિધાવાળુ તાલીમ કેન્દ્ર,ગાંધીનગર
૬.આચાર્યશ્રી,આદર્શ નિવાસી શાળા(કુમાર/કન્યા) ...............................
૭. વડી કચેરીની સર્વે શાખાઓ ...............................
૮. મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત અનુ.જાતિ વિકાસ નિગમ,ગાંધીનગર
૯. મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ,ગાંધીનગર
૧૦. સચિવશ્રી, બેચર સ્વામી અતિ પછાતજાતિ વિકાસ બોર્ડ,ગાંધીનગર

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજય,ગાંધીનગર